ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૦૯-૦૨-૨૦૨૨

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી સિધ્ધાર્થ પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરી ખેતરના નકશામાં સુધારો કરવાની મુદત લંબાવવા સંબંધના મહેસુલ મંત્રીશ્રીની જાહેરાત અન્વયે આ વિષયે નીચે મુજબના મુદ્દાઓ જણાવેલ હતા.

- મુળ કેન્દ્ર (યુ.પી.એ.) માન. મનમોહનસિંહજીની સરકાર વખતે રાજ્યના રેકર્ડને ડીઝીટલ કરવા માટે રાજ્યોને ખાસ સહાય કરવામાં આવી હતી. આથી ગુજરાત રાજ્ય સરકારે વર્ષ ૨૦૦૮-૦૯ માં જમીનના મેપ(નકશાઓ) ડીઝીટલ કરવા માટે આ કામગીરી શરૂ કરેલી.
- જમીન માપણી માટે મોદી સરકારે દક્ષિણ ભારતની કંપનીને ગુજરાત રાજ્યની જમીનની માપણી કરવા અને તેના નકશાઓ બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપેલો હતો. આ કોન્ટ્રાક્ટની મુળ શરત એવી હતી કે, પ્રથમ ગ્રામ સભા બોલાવી ખેડૂતોને જાણ કરતો, બહોળો પ્રચાર - પ્રસાર કરો અને બાદમાં સ્થળ ઉપર જઈને ખેડુતોની સહી લઈને જમીનની માપણી કરવી. આ માપણીમાં ખેડૂતોના ખેતરના સાચા માપ આધારે ગામનો નકશો બનાવવાનો હતો.
- જમીનની માપણી ઉપરાંત જમીનની અંદર ટર્સરી પોઈન્ટ એટલે કે, ચોક્કસ પ્રકારના પથ્થરો ખોડી, આ પથ્થરનું ડીજીટલ લોકેશન અક્ષાંસ - રેખાંશના આધારે નક્કી કરવાનું હતું. જે કાયમી રેકર્ડ રાખવાનું હતું. આ રીતે દરેક ચાર કિલોમીટરે એક પથ્થર ખોડવાનો તેની અંદર દરેક બે કિલોમીટરે એક પથ્થર ખોડવાનો અને દરેક એક કિલોમીટરે એક પથ્થર ખોડવાનો હતો. આ પથ્થરના અક્ષાંસ-રેખાંશના સાપેક્ષમાં ખેડૂતોના ખેતરની માપણી કરવાની હતી.
- માપણી બાદ રેકર્ડ આખરી કરતા પહેલા ખેડૂતોના વાંધાઓ સાંભળવાના હતા, અને તે વાંધાઓનો નિકાલ કરી, રેકર્ડ આખરી કરવાનું હતું.
- આ વિષય પરત્વે રાજ્ય સરકારે કોન્ટ્રાક્ટ કંપની સાથે કરાર કરેલો અને લગભગ ૫૦૦ પાનાનો રી-સર્વે મેન્યુલ તૈયાર કરેલો. પરંતુ સરકાર અને કોન્ટ્રાક્ટરની મીલી ભગતથી રાજ્યમાં ટર્સરી પોઈન્ટ લગાડવામાં આવેલ નથી. તેમજ ખેડૂતોના ખેતરે જઈને માપણી કરી નથી. તેમજ માપણી રજીસ્ટરમાં ખેડૂતોની સહીઓ લીધી નથી. આ રીતે એકજ સ્થળે બેસીને ખેડૂતોની જમીનના નકશાનું ખોટુ રેકર્ડ તૈયાર થયુ અને પ્રમોલગેશન પણ કરવામાં આવેલ છે.
- આથી કોંગ્રેસ પક્ષ ઈ.સ. ૨૦૧૨ થી સતત લડત ચલાવે છે. જેમાં પુરાવાઓ સાથે કોંગ્રેસ પક્ષની પ્રેસ ઈ.સ. ૨૦૧૭માં થતા, તે વખતના મુખ્ય મંત્રીએ ખેડૂતોના ખેતરની માપણીમાં ભુલ થઈ હોવાનું મીડીયા સામે કબુલ કરેલ હતુ.
- આથી જ સરકારે લગભગ ૬૦૦૦ ગામડાનું પ્રમોલગેશન અટકાવી દીધુ છે. એટલે કે અંદાજીત ૧૮૦૦૦ ગામડાઓ પૈકી ૧૨૦૦૦ ગામડાના નકશામાં મોટી ભૂલ જાહેર થતા, સરકારે આગળની કાર્યવાહી અટકાવી દીધી છે. આ રીતે ૬૦૦૦ ગામડાનું પ્રમોલગેશન અટકાવી દેવુ તે સરકારની પીછે હઠ છે.

- અનેક કિસ્સામાં રાજ્ય સરકારના મળતીયાઓએ નકશા સાથે ચેડા કરેલા. પરંતુ કિશાન કોંગ્રેસની લડતના કારણે તેમા અનેક જગ્યાએ પીછેહટ થઈ છે. ખાસ કરીને જામનગર જિલ્લામાં લગભગ ૪૫ કિસ્સાઓમાં, જમીનનું ક્ષેત્રફળ ડબલ કરી દેવામાં આવેલ હતુ. આ કિસ્સાઓમાં જમીન મુળ ક્ષેત્રફળમાં લાવવી પડી છે.
- આ જમીન માપણીની ક્ષતિઓ અંગે ખેડૂતોમાં જાગૃતતા આવી તે મુજબ લગભગ પાંચ લાખ ખેડૂતોએ જમીનના નકશા સંબંધમાં ક્ષતિઓ હોવાથી ક્ષતિઓ સુધારવાની અરજી સરકારની લેન્ડ રેકર્ડ કચેરીમાં કરી છે. આ અરજીઓ પૈકી લગભગ ૨૦૦,૦૦૦/- ઉપરાંતની અરજીઓ, દફતરે કરી દેવામાં આવેલી છે.
- ઉપરોક્ત તમામ વાતો અગાઉ સતત મીડીયા સમક્ષ ઉજાગર થયેલી છે. આજની ખાસ વાત એવી છે કે, રાજ્ય સરકારે ખેડૂતોની ખેતરના નકશાની માપણીમાં થયેલી ક્ષતિ સુધારવા માટે એક વર્ષની મુદત લંબાવી છે. પરંતુ વાસ્તવમાં નકશામાં જે ભૂલ છે તે ભૂલ આ રીતે ક્ષતિઓ સુધારવાની મુદત લંબાવવાથી સુધરવાની નથી. પરંતુ આ રીતે એક ખેતરમાં સુધારો કરવા જતા બીજા ચાર ખેતરના રેકર્ડ ખરાબ થાય છે. આથી નકશામાં વધુ ખરાબી આવી રહી છે. રેકર્ડ વધારે ખરાબ થઈ રહેલ છે. ખુબજ સામાન્ય ખ્યાલ છે કે, નકશામાં એક જગ્યા થોડીપણ આગળ - પાછળ થાય તો, તેની સીધી અસર નકશા ઉપરની સમગ્ર જમીનને થાય છે. આથી રેકર્ડ વધારે ખરાબ થઈ રહ્યું છે. આથી નકશા ઉપર એક ખેતરનો માપસુધારવા જતા, તેની કેવી કેવી ક્યાં ક્યાં અસર આવે છે તે અસર ટેકનીકલ રીતે ડેમોટ્રેશન કરીને પ્રેસની હાજરીમાં બતાવેલ છે.

આથી સરકાર જે પ્રકારે છેલ્લા સાત વર્ષથી સુધારણાના નામે રેકર્ડમાં મોટા પાયે ભુલો કરી રહી છે. **ટેકનીકલ રીતે આ પ્રકારે જમીન માપણીમાં સુધારો થવો શક્ય નથી પરંતુ તેથી જમીન માપણીનું રેકર્ડ વધુ ખરાબ થાય છે**. તેનું પરિણામ ગુજરાતની આવતી પેઢી ગૃહયુદ્ધમાં ધકેલાઈ જાય તેવુ થશે. આથી કોંગ્રેસ પક્ષ સરકાર પાસે માંગણી કરે છે કે, ગુજરાતની જમીનની તમામ માપણીને રદ કરી નવેસરથી રીસર્વે મેન્યુઅલ મુજબ ખેડૂતોના ખેતરે જઈ માપણી કરવામાં આવે. આ પત્રકાર પરિષદમાં કિસાન કોંગ્રેસના ચેરમેનશ્રી પાલભાઈ આંબલીયા અને વાઈસ ચેરમેન ગીરધરભાઈ વાઘેલા ઉપસ્થિત રહેલ હતા અને જમીન માપણીની ક્ષતિઓ ઉજાગર કરી હતી અને ટેકનીકલ રીતે ડેમોટ્રેશન કરી ટેકનીકલ રીતે સાબિત કરેલ કે જમીનના નકશામાં આ રીતે સુધારો કરવો શક્ય નથી.

હેમાંગ રાવલ
મિડિયા કોર્ડીનેટર
મો. ૯૮૯૮૨૩૩૦૩૮

બિડાણ : જમીન માપણીમાં ૧૦૦ ટકા ભુલ થઈ છે તેવા રીપોર્ટની નકલ
અને માપણીસીટ કે જેમાં એક સુધારો અનેક ખેતરોને અસર કરતો દેખાય છે.